ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

ભાજપ પાસે 33 બેઠકોની સ્પષ્ટ બહુમતી હોવા છતાં અનામતના ટેકનિકલ મુદ્દે મામલો ગરમાયો

આણંદ જિ. પંચાયત પ્રમુખપદનો જંગ હવે હાઈકોર્ટના આંગણે !

હાઇકોર્ટમાં આજની સુનાવણી પર કોંગ્રેસને 'ન્યાય'ની આશા

(પ્રતિનિધિ) આણંદ તા.૭

આણંદ જિલ્લા પંચાયતની ચૂંટણીના પરિણામો ભલે ભાજપની તરફેણમાં રહ્યા હોય, પરંતુ પ્રમુખપદની ખુરશીનો મામલો હવે હાઈકોર્ટના આંગણે પહોંચ્યો છે. ગત એપ્રિલ મહિનામાં યોજાયેલી ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી હતી, પરંતુ એસસી-એસટી મહિલા અનામતના મુદ્દે ઉભી થયેલી કાયદાકીય તકરારને કારણે પ્રમુખપદની નિમણૂક વિવાદમાં

આવી છે. હવે, ૮મી તારીખે હાઈકોર્ટમાં આ અંગે મહત્વની સુનાવણી હાથ ધરવામાં આવશે. જેને લઈને કોંગ્રેસ છાવણીમાં ભારે ઉત્કંઠા જોવા મળી રહી છે.

આણંદ જિલ્લા પંચાયતની ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા, જેમાં કુલ ૪૦ બેઠકોમાંથી ભાજપે ૩૩ બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો હતો, જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર ૭ બેઠકો આવી હતી. આટલી સ્પષ્ટ બહુમતી હોવા છતાં, પ્રમુખ પદની બેઠક એસસી-એસટી મહિલા માટે અનામત હોવાના મુદ્દે ટેકનિકલ વિરોધ ઉભો થયો હતો. કોંગ્રેસ દ્વારા આ મામલે સ્થાનિક સ્તરેથી લઈ રાજ્ય ચૂંટણી પંચ અને વિશ્લેષણ અધિકારી સુધી રજૂઆતો કરવામાં આવી હતી.

આણંદ જિલ્લા પંચાયતની ગત ૨૪મી તારીખે ફોર્મ ભરવાની પ્રક્રિયા દરમિયાન ચૂંટણી અધિકારી દ્વારા ભાજપના મહિલા ઉમેદવારનું ફોર્મ અમાન્ય ઠેરવવામાં આવ્યું હતું. આ મામલો હાઈકોર્ટમાં પહોંચતા, કોર્ટના હુકમને આધારે ભાજપના મહિલા ઉમેદવારનું ફોર્મ માન્ય રાખવામાં આવ્યું અને તેઓ વિજયી જાહેર થયા હતા. જોકે, આ સમગ્ર પ્રક્રિયા સામે કોંગ્રેસની વાંધા અરજી અને કાયદાકીય લડત હજુ ચાલુ છે. હવે આવતીકાલે થનારી સુનાવણી પર જિલ્લાના રાજકારણની નજર ટકેલી છે.

શું છે વિવાદનું મુખ્ય કારણ?

આણંદ જિલ્લા પંચાયત પ્રમુખનું પદ એસસી-એસટી મહિલા માટે અનામત રાખવામાં આવ્યું છે. કોંગ્રેસનો દાવો છે કે ભાજપના ઉમેદવારની પસંદગીમાં ટેકનિકલ ક્ષતિઓ અને અનામતના નિયમોનું ઉલ્લંઘન થયું છે, જે મામલે હવે હાઈકોર્ટ અંતિમ ફેંસલો સંભળાવશે.

ખેડા જિલ્લાના નારાયણપુર લાટમાં આકાશી સાહસથી સૌ મંત્રમુગ્ધ બન્યાં

ખેડા જિલ્લાના નારાયણપુર લાટ ગામે રવિવારે એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ક્ષણ સર્જાઈ હતી. ગામના ઇતિહાસમાં પ્રથમ વખત કલેક્ટર એન. વી. ઉપાધ્યાયની મુલાકાત થતા ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. કલેક્ટરે 28 ગુજરાત બટાલિયન એનસીસી દ્વારા આયોજિત વાર્ષિક તાલીમ શિબિર અંતર્ગત પેરાસેલિંગ કેમ્પની મુલાકાત લીધી હતી અને કેડેટ્સ સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો. આ વિશિષ્ટ કેમ્પમાં ખેડા, આણંદ, મહીસાગર સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી આશરે 700 જેટલા NCC કેડેટ્સે ભાગ લીધો હતો. ખેડા જિલ્લામાં પ્રથમ વખત યોજાયેલા આ આકાશી સાહસનું સંચાલન નિવૃત્ત વાયુસેના પાયલટ ગ્રુપ કેપ્ટન શોકીન દ્વારા કરવામાં આવ્યું હતું.

વિપક્ષી નેતાની પસંદગી માટે કોંગ્રેસ દ્વારા 'સેન્સ' પ્રક્રિયા

જિલ્લા-તાલુકા પંચાયત અને મનપામાં વિપક્ષી પદ માટે ત્રણ દિવસ કવાયત

(પ્રતિનિધિ) આણંદ તા.૭

આણંદની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની નિમણૂક કર્યા બાદ, હવે કોંગ્રેસે વિપક્ષી નેતાઓના નામ નક્કી કરવા માટેની કવાયત તેજ કરી છે. આવતીકાલથી સતત ત્રણ દિવસ સુધી જિલ્લાની વિવિધ સંસ્થાઓમાં વિપક્ષી નેતા પદ માટે 'સેન્સ' પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આ પ્રક્રિયામાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર કરમસદ-આણંદ મનપાના વિપક્ષી નેતાની પસંદગી બની છે. છેલ્લા અઢી દાયકાના પાલિકા શાસન બાદ હવે મનપામાં કોંગ્રેસ પ્રથમ વખત કોઈ મહિલા કોર્પોરેટર પર પસંદગીનો કળશ ઢોળશે કે કેમ, તે પ્રશ્ન પક્ષના આંતરિક વર્તુળોમાં ચર્ચાઈ રહ્યો છે. કેન્દ્રમાં મહિલા અનામતના મુદ્દે ચાલેલી ચર્ચાઓ વચ્ચે હવે સ્થાનિક સ્તરે પણ પ્રથમ અઢી વર્ષ માટે મહિલાને વિપક્ષી નેતા બનાવવાની માંગ ઉઠી છે.

ભાજપ દ્વારા ગત પખવાડિયામાં આણંદ જિલ્લા પંચાયત, સાત તાલુકા પંચાયતો અને છ નગરપાલિકાઓમાં શાસક પક્ષના હોદ્દેદારોની નિમણૂક પૂર્ણ કરી દેવામાં આવી છે. તેના જવાબમાં કોંગ્રેસ હવે આ તમામ સંસ્થાઓમાં સક્ષમ વિપક્ષી નેતાઓની વરણી કરવા માટે સેન્સ પ્રક્રિયા શરૂ કરી રહી છે. હવે જોવાનું એ રહેશે કે કોંગ્રેસ પોતાના માનીતાઓને પદ સોંપશે કે મહિલા પ્રતિનિધિત્વને મહત્વ આપશે.

દાવોલમાં દૂધમાં ગડબડ કરનારા મંડળીના કમિટી સભ્ય બરખાસ્ત

અસામાન્ય દૂધનો રિપોર્ટ આવ્યા બાદ કમિટી સભ્ય સામે કાર્યવાહીનો નિર્ણય કરાયો

(પ્રતિનિધિ) બોરસદ તા.૭

બોરસદ તાલુકાના દાવોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના વ્યવસ્થાપક કમિટીના સભ્ય જશભાઈ રમણભાઈ જાદવના દૂધના સેમ્પલમાં અસામાન્ય તત્ત્વો મળી આવ્યાનો રિપોર્ટ આવતા પદ પરથી બરખાસ્ત કરાયાં છે. ખાસ કરીને જે વ્યક્તિ મંડળીના વ્યવસ્થાપનમાં જવાબદારી ધરાવતી કમિટીમાં સામેલ હોય, તેના જ દૂધ સામે ગંભીર પ્રકારની નોંધ આવતાં સમગ્ર મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો છે.

મળતી માહિતી મુજબ તારીખ ૩ જૂન ૨૦૨૬ના રોજ અમૂલ ડેરી દ્વારા જશભાઈ રમણભાઈ જાદવના બે ટંકના દૂધના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ત્યારબાદ તારીખ ૫ જૂન ૨૦૨૬ના રોજ પ્રાપ્ત થયેલા લેબોરેટરી રિપોર્ટમાં દૂધમાં દૂધ સિવાયના અન્ય તત્ત્વો ઉમેરાયેલા હોવાનું નોંધાયું હોવાનું જણાવવામાં આવ્યું છે. આ રિપોર્ટના આધારે અમૂલ સંઘના પરિપત્ર મુજબ કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવી હતી.

મંડળીના રેકોર્ડ મુજબ અગાઉ તારીખ ૧૧ એપ્રિલ ૨૦૨૫ના રોજ કોડ નંબર ૩૧૨૩ હેઠળ નોંધાયેલા કિરણભાઈ જશભાઈ જાદવના દૂધમાં પાણીની ભેળસેળ મળી આવી હતી. તે સમયે પણ નિયમ મુજબ નોટિસ આપી નુકસાનની વસૂલાત કરવામાં આવી હતી. કિરણભાઈ જશભાઈ જાદવ જશભાઈ રમણભાઈ જાદવના પુત્ર હોવાનું જાણવા મળે છે. અગાઉ પણ પરિવારના નામે ભેળસેળનો કેસ નોંધાઈ ચૂક્યો હોવા છતાં ફરી એકવાર અસામાન્ય દૂધનો કેસ સામે આવતા મંડળીના સભ્યોમાં ભારે નારાજગી ફેલાઈ હોવાનું જાણવા મળે છે.

તમામ ગ્રાહક નંબર રદ કરવામાં આવશે

બરખાસ્ત કરાયેલ કમિટી સભ્ય જશભાઈ જાદવે ભરેલા દૂધ સામે લિટર દીઠ થતી નુકસાનીની વસૂલાત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉપરાંત તે જ સમયગાળા દરમિયાન મળવાપાત્ર સંપૂર્ણ બોનસની રકમ પણ મંડળીમાં જમા લેવામાં આવશે.આ ઉપરાંત મંડળી દ્વારા વધુ એક કડક નિર્ણય લેવામાં આવ્યો છે. ઠરાવ મુજબ જશભાઈ રમણભાઈ જાદવ તથા તેમના પરિવારના તમામ ગ્રાહક નંબર રદ કરવામાં આવશે. સાથે જ તેમના તરફથી કોઈપણ પ્રકારનું દૂધ સ્વીકારવામાં નહીં આવે.

આ સમગ્ર મામલે તારીખ ૬ જૂન ૨૦૨૬ના રોજ મંડળીની વિશેષ બેઠક બોલાવવામાં આવી હતી. બેઠક દરમિયાન ચેરમેન તથા કમિટીના સભ્યોએ રિપોર્ટ અને હકીકતો અંગે ચર્ચા કરી હતી. બાદ સર્વાનુમતે જશભાઈ રમણભાઈ જાદવને વ્યવસ્થાપક કમિટીના સભ્યપદેથી બરખાસ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

વિદ્યાનગરમાં ટ્રકની ટક્કરે એક્ટિવા સવાર મહિલાનું મોત

ખંભોળજનું દંપતી દિકરીના ઘરેથી પરત ફરી રહ્યું હતું

(પ્રતિનિધિ) આણંદ તા.૭

વિદ્યાનગર જનતા ઓવરબ્રીજ પર રવિવારે સવારે પૂરઝડપે આવતી એક ટ્રકે એક્ટિવાને પાછળથી અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં એક્ટિવા પાછળ બેઠેલા મહિલાનું માથામાં ગંભીર ઈજા થવાને કારણે મોત નીપજ્યું છે, જ્યારે ટ્રક ચાલક અકસ્માત સર્જી નાસી છૂટ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, ખંભોળજમાં રહેતા 68 વર્ષીય રાજેન્દ્રકુમાર રણછોડભાઈ સુથાર રવિવારે સવારે તેમના પત્ની રેખાબેન સાથે એક્ટિવા પર કરમસદ ખાતે રહેતી દિકરીના ઘરે ગયાં હતાં. જ્યાંથી ખબર અંતર પુછી ખંભોળજ પરત ફરી રહ્યા હતા. તેઓ સવારે આશરે 10:30 વાગ્યાના સુમારે વિદ્યાનગર જનતા ઓવરબ્રીજ પર જીએમ કંપની સામેથી પસાર થઈ રહ્યા હતા, તે સમયે પાછળથી પૂરઝડપે આવેલા એક ટ્રક (નંબર GJ-09-AV-4392) ના ચાલકે તેમના એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં દંપતી રોડ પર પટકાયું હતું, જેમાં રેખાબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો ટ્રક ચાલક પોતાનો ટ્રક ઘટનાસ્થળે જ મૂકીને નાસી છૂટ્યો હતો. આ મામલે વિદ્યાનગર પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઠાસરા નગરપાલિકાનો અજીબોગરીબ 'પ્લાન્ટેશન' પ્રેમ

ઠાસરામાં એમ્બ્યુલન્સમાં માનવદેહને બદલે વૃક્ષના રોપાની 'અંતિમયાત્રા'!

સ્મશાનમાં વૃક્ષારોપણ માટે એમ્બ્યુલન્સનો ઉપયોગ થતા પંથકમાં ભારે હાસ્યાસ્પદ સ્થિતિ સર્જાઈ

(પ્રતિનિધિ) ઠાસરા તા.૭

ઠાસરા તાલુકામાં નગરપાલિકાના સત્તાધીશોની એક એવી બેદરકારી સામે આવી છે, જેણે આખા શહેરમાં ચકચાર જગાવી છે. પાલિકામાં નવી બોડીની નિમણૂક થયાને હજુ એક મહિનો પણ પૂરો થયો નથી, ત્યાં જ સરકારી મિલકતોના દુરુપયોગના કિસ્સાઓ સામે આવવા લાગ્યા છે. તાજેતરમાં યોજાયેલા વૃક્ષારોપણના કાર્યક્રમમાં પાલિકાની

એમ્બ્યુલન્સનો જે રીતે ઉપયોગ થયો તે જોઈને લોકો સ્તબ્ધ થઈ ગયા છે.

સામાન્ય રીતે એમ્બ્યુલન્સનો ઉપયોગ દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવા કે મૃતદેહોને સ્મશાન સુધી લઈ જવા માટે થતો હોય છે, પરંતુ ઠાસરા પાલિકાએ વૃક્ષારોપણના દિવસે કંઈક અલગ જ 'પ્રયોગ' કર્યો હતો. સાત જેટલા વૃક્ષના રોપાઓને એમ્બ્યુલન્સમાં સન્માનપૂર્વક ભરીને સ્મશાનમાં લાવવામાં આવ્યા હતા. આ હાસ્યાસ્પદ દ્રશ્યો જોઈને નગરજનોમાં એવી ચર્ચા જાગી છે કે શું પાલિકા પાસે રોપા લાવવા માટે અન્ય કોઈ વાહનની વ્યવસ્થા નહોતી ?

આ કાર્યક્રમમાં રાજનેતાઓ પણ હાજર હતા, છતાં તેમની હાજરીમાં જ સરકારી સાધનોનો આવો વ્યર્થ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઘટના આખા ઠાસરામાં ટોક ઓફ ધ ટાઉન બની છે અને જવાબદાર બોડી સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

બોરસદ ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં વિલંબથી ઉચાટ

સહકારી સંસ્થામાં ચૂંટણીઓ સમયસર ન યોજાતા માળખા ઉપર સીધી અસર

(પ્રતિનિધિ) બોરસદ તા.૭

સહકારી સંસ્થાઓની ચૂંટણીઓ છેલ્લા કેટલાક સમયથી કોઈને કોઈ કારણોસર સતત પાછી ઠેલાતી જાય છે. તેમાં બોરસદ તાલુકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી પણ વિલંબમાં પડેલ છે. અગાઉ સરની કામગીરીના કારણે સહકાર વિભાગે છ માસ માટે ચૂંટણીઓ વિલંબીત કરી હતી. જો કે ત્યાર બાદ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનું તંત્રના માથે ભારણ આવતા સહકારી સંસ્થાની ચૂંટણી વિલંબીત થઈ છે. જેમાં બોરસદ તાલુકા ખરીદ વેચાણ સંઘ ચૂંટણી પણ વિલંબમાં પડેલ છે. નવા નિયામક મંડળની ચૂંટણીને હજુ વધુ સમય લાગે તેમ હોય સહકારી આગેવાનોને હજુ પણ રાહ જોવી જ રહી તેવી સ્થિતિ છે.

વહીવટીતંત્રને સતત એક પછી એક કામગીરી સોંપવામાં આવતી હોવાના કારણે લાંબા સમયથી કાર્યકાળ પૂર્ણ થયો હોવા છતા સહકારી સંસ્થાઓની સમયસર ચૂંટણી યોજાઈ નથી. જે તે સંસ્થાની ટર્મ પૂર્ણ થયા બાદ પણ ચૂંટણી લડવા ઈચ્છુક સહકારી આગેવાનોને હજુ પણ રાહ જોવી પડે તેમ છે. બોરસદ તાલુકા ખરીદ વેચાણ સહકારી સંઘ સહિત અન્ય સંસ્થાઓની ચૂંટણી યોજવાની તૈયારી શરૂ કરવામાં આવી હતી. ખાસ મતદારયાદી શુદ્ધીકરણની કામગીરી અને પછી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતદારયાદી ચૂંટણી આવતાં બોરસદ તાલુકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીઓનું કોકડું વધુ ગુંચવાયુ છે.

ઉનાળું વેકેશન પૂર્ણ : આજથી શાળામાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ

શાળાનુ નવું શરૂ થાય તે પૂર્વે છેલ્લા ત્રણ ચાર દિવસથી સ્ટેનશરીની દુકાનો પર વિદ્યાર્થી-વાલીઓની ભીડ જામી

(પ્રતિનિધિ) આણંદ તા ૭

આણંદ શહેર-જિલ્લાની તમામ શાળાઓના પરિસર ઉનાળાના 35 દિવસીય વેકેશન બાદ આજથી બાળ કલરવથી ગુંજી ઉઠશે. આણંદ જિલ્લામાં સતત ૩૫ દિવસનુ ઉનાળું વેકેશન પૂર્ણ થતાં સોમવારથી આણંદ શહેર અને સમગ્ર જિલ્લાની તમામ પ્રાથમિકથી લઈ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ કાર્યનો પ્રારંભ થશે. આ સાથે જ વેકેશનના કારણે શાંત પડેલી શાળાઓ વિદ્યાર્થીઓના

કલરવથી ગુંજી ઉઠશે.

સમગ્ર રાજ્યની સાથોસાથ આણંદ શહેર અને જિલ્લાની શાળાઓમાં ગત મે માસથી ઉનાળું વેકેશનનો પ્રારંભ થયો હતો. સતત ૩૫ દિવસ સુધી ચાલેલાં ઉનાળું વેકેશન દરમિયાન વિદ્યાર્થી-વાલીઓએ સ્થાનિકથી લઈ વિવિધ ફરવાલાયક સ્થળોની મુલાકાત લઈ વેકેશનની મોજ માણી હતી. તો, આ સમય દરમિયાન શહેર અને જિલ્લામાં વિવિધ શૈક્ષણિક-સામાજિક-સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા અનેકવિધ નવા વિચારો સાથેના સમર કેમ્પ સહિત વિદ્યાર્થીઓમાં રહેલી કલાને મંચ પુરૂં પાડતાં અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા. ૩૫ દિવસીય ઉનાળું વેકેશન રવિવારે સાતમી જુનના રોજ પૂર્ણ થતાં આઠમી જુનને સોમવારથી નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થશે. આ સાથે જ આણંદ શહેર અને જિલ્લામાં આવેલી સરકારી અને ખાનગી તમામ પ્રાથમિક શાળાઓ તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બાળકો અને શિક્ષકો શિક્ષણ કાર્યમાં રત જોવા મળશે. સોમવારથી શાળાઓ શરૂ થવાની હોવાથી છેલ્લા ત્રણ ચાર દિવસથી સ્ટેશનરીની દુકાનો પર વિદ્યાર્થી-વાલીઓની ભારે ભીડ જોવા મળી હતી.

કચરામાંથી કમાણી અને પર્યાવરણની જાળવણીનો અનોખો પ્રોજેક્ટ રજૂ કરાયો

વિદ્યાનગરની BVM એન્જિનિયરિંગ કોલેજે વિકસાવ્યું 'સ્માર્ટ પ્લાસ્ટિક શ્રેડર'

(પ્રતિનિધિ) આણંદ તા.૭

વિશ્વ પર્યાવરણ દિવસ 2026ના અવસરે ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (BVM) એ પર્યાવરણ સુરક્ષા અને ટેકનોલોજીના સમન્વય સમાન 'સ્માર્ટ પ્લાસ્ટિક શ્રેડર' લોન્ચ કરીને એક નવો ઇતિહાસ રચ્યો છે. આ મશીન બીવીએમના સેન્ટર ઓફ એક્સેલન્સ ઇન

ડિજિટલ મેન્યુફેક્ચરિંગ, રાઈનો મશીન્સ પ્રાઇવેટ લિમિટેડ અને 'રેબ્લોક' (Reblock) સ્ટાર્ટઅપના સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે.

આ પ્રોજેક્ટની ખાસ વાત એ છે કે તેની કલ્પના બીવીએમની ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગની વર્ષ 2026ની સ્નાતક વિદ્યાર્થીની ભક્તિ પટેલ દ્વારા કરવામાં આવી હતી. રાઈનો મશીન્સમાં ઈન્ટર્નશિપ દરમિયાન શરૂ થયેલો આ વિચાર આજે એક વ્યાપારી ઉત્પાદન અને 'રેબ્લોક' નામના સ્ટાર્ટઅપમાં પરિવર્તિત થયો છે.

આ સંસ્થાના પ્રિન્સિપાલ ડો. વિનય પટેલે જણાવ્યું હતું કે, આ શ્રેડર બીવીએમ અને ઉદ્યોગો વચ્ચેના સહયોગથી બનેલું પ્રથમ વ્યાપારી ઉત્પાદન છે. રાઈનો મશીન્સના ડિરેક્ટર એન્જિનિયર મનીષ કોઠારીએ આ બાબતને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે જ્યારે શૈક્ષણિક જ્ઞાન અને ઔદ્યોગિક અનુભવ મળે છે ત્યારે અર્થપૂર્ણ નવીનતાઓ જન્મ લે છે.

પ્લાસ્ટિક કચરો ત્યાં સુધી જ છે જ્યાં સુધી આપણે તેનો બગાડ કરીએ છીએ તેવા મંત્ર સાથે આ પહેલ શરૂ કરવામાં આવી છે. ભવિષ્યમાં આ ટેકનોલોજી દ્વારા સમુદાયની ભાગીદારી વધારીને સ્વચ્છ અને હરિયાળું વાતાવરણ ઊભું કરવાનો સંસ્થા અને રાઈનો મશીન્સનો સંયુક્ત લક્ષ્યાંક છે.

સ્માર્ટ પ્લાસ્ટિક શ્રેડર શું છે ?

ડિજિટલ ઇન્ટિગ્રેશન: આ શ્રેડર એક ખાસ મોબાઈલ એપ્લિકેશન સાથે જોડાયેલું છે. વપરાશકર્તાઓ એપ દ્વારા રજીસ્ટ્રેશન કરી મશીન એક્સેસ કરી શકે છે.

રિયલ ટાઈમ ટ્રેકિંગ: પ્લાસ્ટિક કચરાના સંગ્રહ અને તેની પ્રક્રિયાનું નિરીક્ષણ એપ્લિકેશન દ્વારા લાઈવ કરી શકાય છે, જે પારદર્શિતા લાવે છે.

સોર્સ પ્રોસેસિંગ: આ મશીન પ્લાસ્ટિક કચરાને તેના ઉત્પત્તિ સ્થાન (Source) પર જ પ્રોસેસ કરીને નાના ટુકડામાં રૂપાંતરિત કરે છે.

વેલ્યુ એડિશન: શ્રેડ થયેલું પ્લાસ્ટિક કાચા માલ તરીકે ઉપયોગમાં લેવાય છે, જેમાંથી નવી મૂલ્યવર્ધિત ચીજવસ્તુઓ બનાવી શકાય છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225